# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૪/ક્વા-૩/૧૯-૨૦/૬૦૫-૧** તા.29.0૧.૨0૨0

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૪/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **ભરવાડ કારીબેન લાખાભાઈ** ગામ: **ભડીયાદ**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **મોરબી**
રજૂઆત કરનાર: નાયબ ઈજનેર શ્રી વી.સી.જેઠલોજા પીજીવીસીએલ વિભાગીય કચેરી – **મોરબી**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૨-૦૧-૨૦૨૦ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૦૧-૨૦૨૦ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર હાજર રહેલ ન** હતા. જયારે પીજીવીસીએલ પક્ષકાર તરફથી નાયબ ઈજનેર શ્રી વી.સી.જેઠલોજા પીજીવીસીએલ વિભાગીય કચેરી – **મોરબી** હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ભરવાડ કારીબેન લાખાભાઈ ગામ -ભડીયાદ, તેઓની અરજીના નોંધણી નં: ૩૪/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૭૫૮૫/૦૦૧૫૦/૯ થી ધરાવે છે. જેમાં ૧૦ દિવસ થી પાવર સપ્લાય મળતો ન હોય – જે બાબતે તા.૧૪–૧૧–૧૯ ના રોજ સબંધક પેટા વિભાગીય કચેરીમાં અરજી આપેલ છે, તેમજ જેમા સર્વિસ વાયર લગાડેલ છે, તેમા યોગ્ય નિયમ મુજબ લગાડેલ ન હોવાથી – વરસાદ / પવન ના લીધે પાવર સપ્લાય બંધ થવાની ઘટના થતી રહે છે. જે બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ ન હોવાથી – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદારને લખાયેલ પત્ર તા.૧૭–૧૨–૧૯ મુજબ પી.જી.વી.સી.એલ. લાલપર સ/ડી ખાતે તા.૧૪.૧૧.૨૦૧૯ ના રોજ કમ્પલેઈન નં. ૧૦૬૦૬૧ થી ૧૦૬૦૮૭ નંબર સુધીની કમ્પલેઈન નોંધાવેલ છે. જેમાથી અરજદારના નામની કોઈ કમ્પલેઈન નોંધાવેલ નથી. વધુમાં અરજદાર દ્રારા ફોરમમાં કરાયેલ ફરીયાદ અન્વયે – સર્વીસ વાયર બદલવાનો કે રીસીલીંગ કરી રીપેરીંગ કરી આપવાનો પી.જી.વી.સી.એલ.ના નિયમ મુજબ કોઈપણ ચાર્જ પણ ભરપાઈ થયેલ નથી. તેમજ અગાઉ અરજદારને અપાયેલ તા.૧૫–૦૬–૧૯ ના પત્ર મુજબ પી.જી.વી.સી.એલ. લાલપર ફોલ્ટ સેન્ટરના નંબર તેમજ પી.જી.વી.સી.એલ. ના નિયમ ની સમજણ આપવામાં આવેલ છે. આપેલ છે.

૩.૧ ઉપરોકત બાબતે – અરજદાર દ્રારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ખાતે ફરીયાદ અરજી ધ્યાને લઈને તા. ૧૭.૧૨.૨૦૧૯ ના રોજ લાલપર સ/ડી દ્વારા પ્રફોર્માં ૬૦૪૧૭ તા.૧૭.૧૨.૨૦૧૯ થી ભરીને અરજદારનું વીજ જોડાણ ચાલુ કરેલ છે. જે બાબતે અરજદારને સદર ફરીયાદ અન્વયે સંતોષ થયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર ભરવાડ કારીબેન લાખાભાઈ ગામ -ભડીયાદ**, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૭૫૮૫/૦૦૧૫૦/૯ માં ૧૦ દિવસ થી પાવર સપ્લાય મળતો ન હોવા બાબતે તા.૧૪–૧૧–૧૯ ના રોજ સબંઘક પેટા વિભાગીય કચેરીમાં અરજી આપેલ છે, તેમજ અગાઉ પણ લાઈટ રીપેરીંગ કરેલ – ત્યારબાદ, દિન–૧૦ માં બંધ થઈ ગયેલ હતી. જેમા સર્વિસ વાયર યોગ્ય નિયમ મુજબ લગાડેલ ન હોવાથી – વરસાદ / પવન ના લીધે પાવર સપ્લાય બંધ થવાની ઘટના થતી રહે છે. જે બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ ન હોવાથી અરજદારે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ અરજદાર ની રજુઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૧૭.૧૨.૨૦૧૯ ના રોજ મીટર માથી પાવર બંધ હોય – પર્ફોમા –૧૫ નંબરઃ ૬૦૪૧૭ થી પાવર સપ્લાય ચાલુ કરીને રી–સીલીગ કરી આપેલ છે. જે બાબત ની જાણકારી અરજદારને રજીસ્ટર્ડ ટપાલ તા.૧૭–૧૨–૧૯ થી કરાયેલ છે.

૪.૩ ઉપરોક્ત મુદદા નં. ૪.૧ અને ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ મુજબ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજજોડાણ ચાલુ કરી આપેલ છે, પરંતુ નિયમ મુજબ સર્વિસ વાયર અને તેને જરૂરી સપોર્ટ – જી.આઈ. વાયર / ઈન્સ્યુલેટર – લગાડેલ હોય તે મુજબ ની રજુઆત પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ નથી. જેથી, સદર કેઈસ મા નિયમ મુજબ – સદર વીજજોડાણના સર્વિસ વાયર નિયમાઘીન કામગીરી અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા પૂર્ણ કરવા સબબ ની પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩0 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯